"પરસ્પર પ્રેમ અને પરિચયથી પાંગરતો પરિવાર "

# જૈન જાગૃતિ સેન્ટર – ધોરાજી

તારીખ : ૨૯/૦૯/૨૦૧૪

આત્મીય સભ્ય દંપતીશ્રી ..........................................................................................................

જય જીનેન્દ્ર સાથ,

આ સાથે આપ સૌ પરિવારજનોને ચારવર્ષના **Flash Back** માં લઈ જવાનો નમ્ર પ્રયાસ કરૂ છું – યાદ કરો તા.૧૦/૧૦/૧૦ દરેકના હ્રદયમાં એક ઉમંગ – જોશ અને તરવળાટ હતો – સમાજ માટે કંઈક કરી છુટવાના અરમાનો સાથે આપણે સૌએ આ દિવસે જૈન જાગૃતિ સેન્ટરની ધોરાજીમાં શરૂઆત કરી, શરૂઆત કર્યા પછી આજે આપણે ૧૪૬૦ દિવસો આગામી તારીખ ૧૦/૧૦/૨૦૧૪ ના રોજ પુરા કરી રહયા છીએ, મને કહેતા આનંદ અને ગૌરવ થાય છે કે, આ ૧૪૬૦ દિવસોમાનો એક એક દિવસ સમાજના સંગઠન અને ઉત્થાન તેમજ જૈન ધર્મના આચાર સાથે ધાર્મિક ભાવના ઉજાગર થાય એમ આપણે વિતાવ્યો છે.

વિશેષ એ વાતનો સંતોષ છે કે, આપણો જૈન સમાજ તા.૧૦/૧૦/૧૦ ને સમાજ માટે **Turning Point (Day)** તરીકે સ્વીકારી આપણને પ્રોત્સાહીત કરી રહયો છે.

સાથીઓ, તા.૧૦/૧૦/૨૦૧૪ ના આપણો પરિવાર ચાર વર્ષ પુરા કરી પાંચમાં વર્ષમાં મંગલપ્રવેશ કરી રહયો છે, ત્યારે આ દિવસને સમાજને સમર્પિત કરી સમર્પણ દિવસ તરીકે ઉજવી રહયા છીએ.

સમગ્ર વિશ્વના જૈન સમાજમાં સમાજની ચિંતા કરતી હોય તેવી, એક માત્ર આપણી સંસ્થા જૈન જાગૃતિ સેન્ટર છે. અને એટલે જ આપણે આપણો સ્થાપના દિવસ માત્ર આનંદ પ્રમોદ જ નહીં. પણ સમાજ પ્રત્યેનું ઋણ ચુકવવાની આપણી પણ ફરજ અને જવાબદારી છે. એમ સમજી સમાજ ઉપયોગી કાર્યો કરી તારીખ : ૧૦/૧૦/૨૦૧૪ તેમજ તારીખ : ૧૧/૧૦/૨૦૧૪ બન્ને દિવસને આપણે સમર્પણ દિવસ તરીકે મનાવી રહયા છીએ.

**તારીખ : ૧૦/૧૦/૨૦૧૪ તેમજ તારીખ : ૧૧/૧૦/૨૦૧૪ ના કાર્યક્રમો નીચે મુજબ રહેશે.**

## તારીખ :– ૧૦/૧૦/૨૦૧૪ :–

- o સવારે ૭–૦૦ કલાકે ધોરાજી પાંજરા પોળ ખાતે અબોલ પશુઓને ઘાસચારો.
- o સવારે ૯–૦૦ કલાકે વિકલાંગોને અલ્પાહાર.
- o સવારે ૧૦–૦૦ કલાકે દર્દીઓને ફ્રુટ પેકેટ વિતરણ.
- o સવારે ૧૧–૦૦ કલાકે મોટીમારડ ખાતે આવેલા વૃધ્ધાશ્રમમાં સર્વે વૃધ્ધોને ભોજન.
- o બપોરે ૧૨–૦૦ વાગ્યાથી તા.૧૧/૧૦/૨૦૧૪ સાંજ સુધી સમસ્ત જૈન સમાજના વિદ્યાર્થીઓ – વિદ્યાર્થીનીઓ માટે હાયર એજયુકેશન માટે વગર વ્યાજની લોન માટેનો જે પ્રોજેકટ સેન્ટ્રલ બોર્ડ દવારા ચાલી રહયો છે, તેમાં યથા શકિત ફંડ એકત્ર કરીશું.

## તારીખ :– ૧૧/૧૦/૨૦૧૪ :–

- o સાંજે ૭–૦૦ થી ૮–૦૦ દરમ્યાન જે.જે.સી. પરિવાર આપણે સૌ સાથે ભોજન લઈશું.
- o ગેસ્ટ ચાર્જ રૂ.૧૫૦–૦૦ રાખેલ છે.
- o રાત્રે ૮–૩૦ વાગ્યાથી સમસ્ત જૈનસમાજના બાળકો યુવકો અને યુવતિઓ માટે રાસ ગરબા હરીફાઈ.
- o હાયર એજયુકેશન માટે એકત્ર કરેલુ ફંડ સમાજને સમર્પિત કરીશું.

## હરીફાઈ (સ્પર્ધા) ની વિગતો :–

હરીફાઈ બે વિભાગમાં યોજવામાં આવી છે. વિભાગ–(૧) પાંચ વર્ષથી બાર વર્ષ સુધીના બાળકો માટે. વિભાગ–(૨) બાર વર્ષથી ઉપરના માટે.

## અન્ય માહીતી :–

વિભાગ–(૧) અને વિભાગ–(૨) બન્નેમાં પ્રિન્સ –પ્રિન્સેસ તેમજ વિભાગ–(૧) માટે વધારામાં વેલડ્રેસ હરીફાઈ યોજવામાં આવી છે. વેલડ્રેસમાં છોકરા અને છોકરીઓમાંથી એક–એક ને વિજેતા જાહેર કરવામાં આવશે.

| | |
|---|---|
| oooo **સ્પર્ધામાં નામ લખાવવાના સ્થળો** oooo | |
| (૧) | **શ્રી ભરતભાઈ દફતરી, નવકાર સિલેકશન, શરાફ બજાર – ધોરાજી** |
| (૨) | **શ્રી દિલીપભાઈ પારેખ, પારેખ ટાઈપ એન્ડ ઝેરોક્ષ, સ્ટેશન રોડ – ધોરાજી** |

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા દરેક સ્પર્ધકોએ પોતાના નામો ઉપરોકત સ્થોળએ તા.૭/૧૦/૨૦૧૪ સુધીમાં લખાવી દેવા વિનંતી.

## અગત્યનું. :–

- o પ્રિન્સ – પ્રિન્સેસ તથા વેલડ્રેસના વિજેતાઓને રોકડ પુરસ્કારથી પ્રોત્સાહીત કરવામાં આવશે, તેમજ પ્રિન્સ – પ્રિન્સેસને તાજ પહેરાવી સન્માન કરવામાં આવશે.
- o જે.જે.સી. પરિવારના બાળકો–યુવકો–યુવતિઓ માટે સ્પર્ધામાં ભાગ લેવાનું ફ્રી માં છે.

## ખાસ સુચના :–

આપણા પરિવારજનોએ તા.૧૦/૧૦/૨૦૧૪ તેમજ તા.૧૧/૧૦/૨૦૧૪ ના કાર્યક્રમો સેવાકીય તેમજ ભોજન અને રાસ–ગરબા હરીફાઈમાં અવશ્ય ઉપસ્થિત રહેવા વિનંતી સાથ નિમંત્રણ.

| | |
|---|---|
| ભોજન અને રાસ–ગરબા હરીફાઈનું સ્થળ | શ્રી લાડુમાં લોહાણા મહાજન વાડી, જુનાગઢ રોડ – ધોરાજી |
| તારીખ : | ૧૧–૧૦–૨૦૧૪, શનિવાર સાંજના ૭–૦૦ કલાકે. |

પ્રમુખ,
લલિતભાઈ વોરા